R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 21•ISSUE: 15 DATE: 15-04-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## રાજસ્થાનમાં ગૌવંશની તસ્કરીની શંકાને લીધે એક મુસ્લીમની ક્રુર હત્યા અને અન્ય ચાર ઘાયલ

રાજસ્થાનના અલવરમાં ગાયને લઈને જઈ રહેલા ૧૦ થી ૧૫ લોકો પર ૨૦૦ જેટલા ગૌરક્ષકોએ જીવલેણ હુમલો કરીને મારપીટ કરતાં એક મુસ્લીમનું મોત નિપજ્યુ હતું. જ્યારે અન્ય ચાર ઘાયલ થયા હતા.ગાયોની ચોરી અને તસ્કરીના આરોપમાં શકમંદ લોકો પર ગૌરક્ષકો દ્વારા હુમલો કરાયો હતો.ગૌરક્ષકો દ્વારા અંદાજે ૧૫ શકમંદ લોકને માર મારવામાં આવ્યો હતો.જો કે ગાય લઈને જનારા લોક પાસેથી મળેલા પુરાવા એવું દર્શાવતા હતા કે તેમની પાસે ગાયને લઈ જવાની યોગ્ય પરમીટ હતી.મૃતકના ભાઈ રહીમે દાવો કર્યો હતો કે તેનો ભાઈ ચોરી કરતો ન હતો તે કાયદસર રીતે ગાયને લઈ જઈ રહ્યો હતો.

એક ટ્રકમાં કેટલાક લોકો ગાય સાથે રાજસ્થાનથી દિલ્હી જઈ રહ્યા હતા.ત્યારે ગૌવંશ ભરેલી ત્રણ ટ્રકો અને બે પિકઅપ વાન તેમજ એક બોલેરોને ગૌભક્તોએ રોકી હતી.તેમની પર ગાયની ચોરીનો આરોપ લગાવીને તેમની સાથે મારપીટ કરવામાં આવી હતી.જેમાં ગંભીર રીતે ઈજા પામેલ હરિયાણાના નુંહ ગામના પહેલખાનનું હોસ્પીટલમાં મોત નિપજ્યું હતું.રાજસ્થાનના ગૃહમંત્રી જી.સી.કટારીયાએ ગૌતસ્કરો અને ગૌરક્ષકો બંનેને જવાબદાર ઠેરવ્યા હતા.જો કે ગાય લઈને જનારા પાસે યોગ્ય પુરાવા હતા પરંતુ ગૌરક્ષકોના બચાવ માટે મંત્રી જાતે આગળ આવ્યા હતા.કાયદો હાથમાં લેવાની જરુર ન હતી. તેવી શિખામણ ગૌરક્ષકો સુધી હજુ સુધી પહોચી નથી.ગૌરક્ષાના નામે દેશમાં અત્યાર સુધીમાં ૬ મુસ્લીમોની હત્યા થઈ ચુકી છે.તેવું સાંસદ ઔવેસીએ કહ્યુ હતું.

## ગૌવંશ હત્યા પ્રતિબંધ હોવા છતાં પાંચ વર્ષમાં ૧૦ લાખ કિલો ગૌમાંસનો જથ્થો પકડવામાં આવ્યો હતો

ગુજરાત રાજ્યમાં ગૌવંશ હત્ય પર પ્રતિબંધ મુકતો કાયદો અમલમાં છે અને તેના ભંગ બદલ આકરી સજાની જોગવાઈ છે તેમ છતાં રાજ્યમાં મોટી સંખ્યામાં ગાયો-વાછરડાની ગેરકાયદે કતલ થતી હોવાનું અને જંગી સંખ્યામાં અવારનવાર ગૌમાંસ પકડાતું હોવાની વિગતો બહાર આવે છે.વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન કોગ્રેસના ગ્યાસુદીન શેખ દ્વાર રાજ્યમાં નવેમ્બર-૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાદીઠ ગૌમાંસનો કેટલો જથ્થો પકડાયો તે અંગે માહિતી માંગવામાં આવી હતી.જેના જવાબમાં ગૃહવિભાગ દ્વારા જણાવાયું હતું કકે કુલ ૧૦,૨૦,૬૦૯ કિલોગ્રામ માંસનો જથ્થો છેલ્લા પાંચ વર્ષમાં પકડાયો હતો.

ગૌવંશ પર પ્રતિબંધ સામે હયાત કાયદાનો પણ ડર ન રહેતાં રાજ્ય સરકારે છેવટે ગૌહત્યાને ગંભીર અપરાધ ગણતાં આજીવન કેદની સજાની જોગવાઈ કરતો કાયદો તાજેતરમાં વિધાનસભાના બજેટ સત્રમાં પસાર કર્યો હતો.અને હવે તેનો સખ્તાઈથી અમલ થશે તેવું જણાવાયું હતું.હવે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંભાળતા પોલીસ તંત્ર તેનો કેવો અમલ કરે છે તે જોવાનું રહેશે.

## દિલ્હીના મુખ્યમંત્રી સામે બદનક્ષી કેસમાં મફત કેસ લડી આપવાની રામ જેઠમલાણીની મરજીથી ભાજપના પાસા ફાવ્યા નહિં

કેન્દ્રીય નાણાં પ્રધાન અરુણ જેટલીએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે માનહાનિનો કેસ કોર્ટમાં દાખલ કર્યો હતો.જેના જવાબ રુપે કેજરીવાલના વકીલ તરીકે સુપ્રીમ કોર્ટના જાણીતા પ્રસિધ્ધ વકીલ રામ જેઠમલાણી ઉભા રહેવા અને મફત કેસ લડવાની દરખાસ્ત મુકતાં ભાજપના પેટમાં ફરી શુળ ઉપડી છે.આ કેસમાં વકીલ રામ જેઠમલાણીના બિલની રકમ દિલ્હી સરકાર દ્વારા ચુકવાય તેવો રાજકીય વિવાદ સર્જાયો છે.કેજરીવાલ કહે છે કે આ બિલની ચુકવણી સરકાર જ કરે.આમ આદમી પાર્ટીએ કહ્યુ છે કે આ એક અસમાન લડાઈ છે.કેજરીવાલ પાસે પૈસા નથી જ્યારે જેટલી ખમતીધર છે.ભાજપાએ આ મામલે ફરી કોર્ટમાં જવાની ધમકી આપી છે. કેન્દ્રીય રાજયકક્ષાના ગૃહમંત્રી કિરણ રજ્જુએ કહ્યુ હતું કે કેજરીવાલે જેટલીની બદનક્ષી કરી છે તેનો દંડ દિલ્હીની પ્રજા શા માટે ભોગવે ?જેટલીએ આપના કેજરીવાલ અને અન્ય નેતાઓ સામે ૧૦ કરોડનો માનહાનિનો દાવો કર્યો છે.જેઠમલાણીએ કેજરીવાલ પાસે કેસ પૈકી રુ.૩.૪૨ કરોડની ફી માંગી છે.

જો કે રામ જેઠમલાણીએ એવું પણ કહ્યુ છે કે કેજરીવાલને ગરીબ સમજીને તેનો કેસ હું મફત પણ લડીશ.ભાજપ માટે કેજરીવાલ શીરદર્દ સમાન છે. કારણકે દિલ્હી દેશની રાજધાનીમાં ચુંટણીમાં ભાજપનું નાક વાઢી લેવાનું કાર્ય કેજરીવાલે કર્યુ હતું.તેથી કેજરીવાલને કોઈપણ રીતે સકંજામાં લેવા માટે પ્રયત્નો ચાલુ છે.જો કે અરુણ જેટલીની સામે અન્ય કોઈ વકીલ ચાલી શકે તેમ નથી માત્ર રામ જેઠમલાણીજ તેનો યોગ્ય પ્રત્યુત્તર છે તેથી જેટલી અને તેમના સમર્થકો અકળાયા છે.જેથી દિલ્હી સરકાર દ્વારા રામની ફી ના ચુકવાય તેવા પેતરા ચાલુ કર્યા છે. પરંતુ રામે મફત કેશ લડવાની વાત કરીને હાલમાં ભાજપની લડાઈમાં ભંગ પાડ્યો છે.

હવે કોર્ટના પ્રાંગણમાં લડાઈ આખરી સ્વરુપે લડાશે.જો કે રામે દલીલમાં કહી દીધું છે કે બદનક્ષી માટે તમે મુકરર કરેલી રકમ યોગ્ય નથી.તમારી આટલી મોટી કિંમત નથી.

## તામિલનાડુના દુષ્કાળ પિડીત ખેડુતોનું દેવું માફ કરવા માટે મદ્રાસ હાઈકોર્ટનો આદેશ

દુષ્કાળ પ્રભાવિત વિસ્તારોમાં ખેડુતોના દેવાં માફ કરવા માટે મદ્રાસ હાઈકોર્ટે તામિલનાડુ સરકારને આદેશ કર્યો છે. લગભગ એક મહિનાથી તામિલનાડુંના ખેડુતો જંતરમંતર ખાતે પ્રદર્શન કરી રહ્યા હતા બાદમાં તેમના સમર્થનમાં ભારતીય કિસાન યુનિયન પણ જોડાયું હતું.બારતીય કિસાન યુનિયનના બલબીરસિંહ રાજવાલે જણાવ્યુ હતું કે સરકાર ખેડુતોના હાલ વિશે પણ પુછતી નતી. ઉલ્લેખનીય છે કે કોગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સહિત કેટલીક પાર્ટીના નેતા અને દક્ષિણ ભારતના ફિલ્મ અબિનેતાઓએ પણ ખેડુતોના સમર્થનમાં પોતાનો અવાજ ઉઠાવ્યો હતો.

પ્રદર્શન કરી રહેલ ખેડુતોએ ધ્યાન આકર્ષિત કરવા માટે અર્ધનગ્ન અવસ્થામાં તો ક્યારેક મરેલ સર્પોને જીભ પર રાખીને પ્રદર્શન કર્યુ હતું. જેના દ્વારા તેઓ ખેડુતોની દયનીય સ્થિતિને કેન્દ્ર સરકાર સુધી પહોચડવા માંગતા હતા.જેથી સરકારને ખ્યાલ આવે કે દેવાના બોજ તળે ખેડુતો મરી રહ્યા છે.

તાજેતરમાં કોગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ ખેડુતોનું દેવું માફ કરવા વડા પ્રધાનને વાત કરી હતી. ખેડુતોનું કહેવું છે કે ખરાબ આર્થિક હાલતને પગલે ખેડુતો આપઘાત કરી રહ્યા છે પણ કેન્દ્ર સરકાર તેના તરફ ધ્યાન આપતી નથી.ખેડુતોની ફરિયાદ હતી કે સરકાર ખેતી માટે કાવેરી નદીનું પાણી આપતી નથી જેના કારણે ખેડુતો ભયંકર દુકાળનો ભોગ બની રહ્યા છે.દુષ્કાળને પરિણામે તેમના પરિવારોને ભુખે મરવાનો વારો આવી રહ્યો છે.ખેડુતો કેન્દ્ર પાસેથી ૪૦ હજાર કરોડ રુપીયાનું દુષ્કાળ રાહત પેકેજ, દેવા માફી અને અન્ય રાહતોની માંગણી કરી રહ્યા છે.

## સંયુક્ત રાષ્ટ્રસંઘે ભારતમાં આફ્રિકી વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાઓમાં દોષિતોને સજા કરવાની માંગણી કરી

ભારતમાં આફ્રિકન દેશોના વસતા વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાને આફ્રિકન દેશોના રાજદુતોએ નસ્લવાદી હુમલા ગણાવ્યા હતા જોકે ભારતે એ આક્ષેપોને નકારી કાઢ્યા હતા.જો કે સંયુક્ત રાષ્ટ્રસંઘે ભારતમાં આફ્રિકનો પર થયેલા હુમલામાં દોષિતોને ન્યાય પ્રક્રિયા હેઠળ સજા કરાય તેવી આશા વ્યક્ત કરી હતી.

રાષ્ટ્રસંઘના મહામંત્રીના પ્રવક્તા સ્ટીફને દુજારિકે પત્રકારોને જણાવ્યુ હતું કે રાષ્ટ્રસંઘને ઘણી આશા છે કે હુમલાના દોષિતોને સજા કરાય.ભારતમાં આફ્રિકનો પર થયેલા હુમલા અંગે તેમને પુછવામાં આવ્યું હતું ,સાથે જ આ હુમલાઓને રોકવા માટે રાષ્ટ્રસંઘ હસ્તક્ષેપ કરશે કે નહી એવું પણ પુછવામાં આવ્યુ તે પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યુ હતું ક સંયુક્ત રાષ્ટ્રસંઘ એ મામલે કોઈ સીધી સામેલગીરી હોય તેવું જાણમાં નથી.યાદ રહે કે માદક દ્રવ્યના ઓવરડોઝને કારણે એક ૧૭ વર્ષના ભારતીયનું મોત નિપજ્યાબદ ગઈ તા. ૨૬મીએ ગ્રેટર નોઈડાના એક જુથે કેન્ડલ માર્ચ કરી હતી .તેઓએ ચાર નાઈજીરીયન વિદ્યાર્થીઓ ઉપર હુમલો કર્યો હતો.

વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાની નોધ છેક સંયુક્ત રાષ્ટ્રસંઘ સુધી લેવાઈ અને દોષિતોને ન્યાયિક પ્રક્રિયા હેઠળ સજા કરવામાં આવે તેવી માંગણી ભારત સરકાર પાસે મુકવામાં આવી.જ્યારે આપણા દેશમાં સત્તાધારી પક્ષના કેટલાક વિદ્યાર્થી મંડળો અન્ય વિદ્યાથીઓ પર હુમલાઓ કરે અને તેની કોઈપણ પ્રકારની ન્યાયિક પ્રક્રિયા દ્વારા હુમલા કરનાર દોષિતોને સજા થાય નહી તે જોવાની દરકાર પણ સત્તાધારી પક્ષ રાખે તે આ દેશની દુર્દશા જ કહેવાય છે.

**શુભ તહેવાર ઇસ્ટરની તમામ વાચકોને અમારી શુભકામનાઓ**

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક **http://facebook.com/robin.dholakia** ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

તિબેટના ધાર્મિક નેતા દલાઈ લામાની અરુણાચલની મુલાકાત સામે ચીને તીવ્ર વિરોધ નોધાવ્યો હોવા છતાં ભારતે તેની એક પણ વાત સાંભળી નથી. ચીને વારંવાર દલાઈ લામાની મુલાકાત થશે તો તેના ગંભીર પરિણામો ભારતે ભોગવવા પડશે અને તેના સબંધો પર ભારે નુકશાન થશે તેવી ધમકીઓ આપ્યા કરી. પરંતુ ભારતે ચીની સત્તાવાળાઓની કોઈપણ ધમકીને તાબે થયા વગર દલાઈ લામાની અરુણાચલ મુલાકાતને યોગ્ય ઠેરવી છે.ચીનને પોતાની એશિયા વિસ્તારમાં એકહથ્થુ સત્તા સ્થાપવાનો અહંકાર ઉભો થયો છે તેને ભારતે રોક લગાવી છે.ચીને વડાપ્રધાન મોદીની પર આક્ષેપો કર્યા છે કે તેઓ તેમના પુરોગામીથી અલગ રીતે વર્તી રહ્યા છે.અરુણાચલ એ માત્ર ને માત્ર ભારતનું અવિભાજ્ય અંગ છે તેના પર કોઈનો અધિકાર સ્થાપવાની વૃત્તિ ચલાવી લેવાય નહી.ચીનને ભારતે સંદેશો પાઠવી દીધો છે કે ભારત દરેક બાબતમાં પોતાની રીતે વર્તશે તે કોઈની શેહ શરમમાં આવશે નહી કે રાખશે નહી.

ચીન વરસોથી એવા પ્રયત્ન કરી રહ્યુ છે કે તિબેટ તેનામાં ભળી જાય તેથી તેણે તિબેટ સુધી તેમના રસ્તાઓ વિગેરે વિકસાવ્યા છે.દલાઈ લામાં ચીન સાથે જોડાવાના મતે  વિરુધ્ધમાં છે તેમજ વર્ષોથી દલાઈ લામા અને તેમના અનુયાયીઓ ચીન સાથે લડત આપી રહ્યા છે.ભારતે દલાઈ લામાને મિત્ર તરીકે સ્વીકાર્યા છે અને તેમને જોઈતી પુરી સગવડો પુરી પાડી છે. તેથી દલાઈ લામા ભારત સાથે મિત્રતાના સબંધે બંધાયેલા છે. ચીન નહી. ચીને તો ભુતકાળમાં શત્રુતા કરી હતી અને આજે પર તે મિત્રતા માટે વિશ્વસનીય નથી.ભારતે લીધેલ પગલાં આવકારવા દાયક અને હિંમતભર્યા છે. જેના કારણે ચીની સત્તાવાળાઓ કોઈપણ પ્રકારે પગલાં લેતા પહેલા વિચારશે.ચીની લશ્કરી સત્તાવાળાઓએ આપણા પ્રદેશમાં ઘુસણખોરી કરીને ચોકીઓ પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરી જોયો તેને આપણા લશ્કરી જવાનોએ સંયમ અને શિસ્ત પુર્વક ખદેડી મુક્યા હતા.વારંવારના તેમના આ પ્રયત્નોને કારણે તેઓ એવું સિધ્ધ કરવાનો પ્રયત્ન કરીને આપણી જમીનો પર ગેરકાયદેસર કબજો મેળવી લેવાનો પ્રયત્ન હતો.પરંતુ તેમાં તેઓ સફળ થયા નથી. પાકિસ્તાનના ગદર બંદરથી એક રેલ અને રસ્તો તેઓ આપણા પ્રદેશમાંથી પસાર કરવા માટે આ પ્રયાસો કરતા હતા. જો કે તેમાં તેઓ સફળ બન્યા નથી.પાકિસ્તાનની મેલી મુરાદમાં ચીન ભળેલું છે તેનો ત્યાગ ભારતીય સત્તાવાળાઓને સમયસર આવી જતાં આપણે તેમને રોકી શકયા છે. અરુણાચલ હડપ કરવાનો પ્રયત્નમાં તેઓ કેટલાક વર્ષોથી ધમાલ મચાવે છે પરંતુ તેમાં તેમને સફળતા મળી નથી.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



વિનંતી

તમારી પ્રાર્થનામાં  અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર  અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## લોકભાગીદારી વગર સરકાર બધા પ્રશ્નો ઉકેલી ના શકે : વડાપ્રધાન મોદી

ડીજીટલ ઈન્ડીયાની પહેલને આગળ વધારતાં વીડીયો કોન્ફરન્સથી વિશ્વની સૌથી મોટી હેકાથોનને સંબોધિત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ હતું કે સરકાર બધા પ્રશ્નોના ઉકેલી શકે,લોકભાગીદારી પણ જરુરી છે.લોકભાગીદારી તે લોકશાહીનો અર્ક છે.લોકભાગીદારીની મદદથી સાથે મળીને આપણે આપણી તમામ્ સમસ્યાઓને ઉકેલી શકીશું.તેમણે એમ પણ કહયુ હતું કે લોકશાહી વિષે એવી સમજ પ્રવર્તે છે કે તે મતદાન કરવા સુધીની સીમીત પ્રક્રિયા છે.પરંતુ તે વાસ્તવિક સમજ નથી. લોકશાહી તે કોઈ સરકારને પાંચ વર્ષ માટે પાંચ વર્ષનો કોન્ટ્રાકટ આપવાની પ્રક્રિયા નથી. પણ જનભાગીદારીની પ્રક્રિયા છે.હેકાથોનના માધ્યમથી યુવાનો  સમક્ષ અનેક સમસ્યા મુકીને તેમને ઉપાય શોધવા કહેવામાં આવ્યું છે.આ સમસ્યાઓ પડકારરુપ છે પણ તેના ઉપાયો શોધવાની અહીં તક છે.

હેકાથોન તે પોતાનામાં જ એક અનોખો અનુભવ છે.ભારત યુવાનોનો દેશ છે. યુવાનો ઉર્જાથી ભરેલા છે અને તેમનાથી દેશને લાભ થશે. આપણે ટેક-સંચાલિત યુગમાં જીવી રહ્યા છીએ તેમ કહેતા વડાપ્રધાને ટેકનોલોજી અને ઈનોવેશનનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.યુવાનોને આ દેશની ઘણી બધી સમસ્યાના ઉકેલ શોધવાના છે. આ બાબત પડકારની સાથોસાથ એક તક જેવી છે.

દેશમાં ૨૬ સ્થળે યોજાઈ રહેલ ૩૬ કલાકની ફાઇનલ ઈવેન્ટમાં દસ હજાર પ્રોગ્રામર્સ ભાગ લઈ રહ્યા છે.આ કાર્યક્રમમાં મહત્વના સામાજિક પ્રશ્નોને ઉકેલ શોધવાને મુદ્દે પ્રયાસ થઈ રહ્યો છે.સરકારના ૨૯ જેટલા પ્રધાનો અને વિભાગોએ ૫૯૮ જેટલી સમસ્યાઓ શોધી કાઢીને વિચારણા હેઠળ મુકી છે.આરંભે ૪૨૦૦૦ વિદ્યાર્થીઓની બનેલી ૭૫૦૦ ટીમે તેમા ભાગ લેવાની શરુઆત કરી છે.

## ધર્મ બદલો તો નિર્દોષ છુટવાની ગેરંટી : પાકિસ્તાનના વકીલનો પ્રસ્તાવ

પાકિસ્તાનમાં બે વર્ષ અગાઉ એક નરસંહારમાં બે મુસ્લીમોની હત્યાના કેસમાં નિર્દોષ છુટવા માટે એક સીનીયર સરકારી વકીલે ૪૨ જેટલા ખ્રિસ્તીઓને મુસ્લીમ ધર્મ અંગીકાર કરવાની ઓફર કર્યાની ઘટના પ્રકાશમાં આવી છે. જોકે તેની પોલ ખુલ્લી પડી ગઈ છે.અને હવે તેની સામે આવા લોકોને બ્લેકમેલ કરવાનો આક્ષેપ થયો છે. પાકિસ્તાનમાં મોલવીઓ અને અન્ય સંગઠનો દ્વારા લઘુમતીઓને ધર્મ બદલવા માટે પ્રયાસો થતા હોવાની ઘટના થતી રહે છે.પરંતુ સરકારી લોકો આ પ્રયાસ કરતા હોય તેમ પહેલી વખત જોવા મળ્યુ હતું.૧૫મી માર્ચે લાહોરના યોહાનાબાદમાં બે ચર્ચોમાં આત્મઘાતી હુમલોત થતાં હિંસા ભડકી હતી. બે મુસ્લીમોને મારી નાંખવા બદલ ૪૨ ખ્રિસ્તીઓ પર કેસ થયો હતો.જોસેફ ફેન્કીએ જણાવ્યુ હતું કે ડેપ્યુટી ડિસ્ટ્રીક પબ્લિક પ્રોસિક્યુટર સઈદ અનીશ શાહે આરોપીઓને કહ્યુ હતું કે જો તેઓ ખ્રિસ્તી ધર્મ છોડી દે તો તેઓ નિર્દોષ સાબિત થઈ શકે છે.એમાં જો તેઓ ઈસ્લામ ધર્મનો અંગીકાર કરે તો તેઓ આ કેસમાં તેમને નિદોર્ષ છોડી મુકવાની ગેરંટી આપી શકે છે.ચર્ચપરના હુમલાખોરો ને સરકાર અટકાવી શકતી નથી.

પાકિસ્તાનમાં ઈશનિંદાના કેસામાં ફસાવી દઈને કેટલાક તત્વો ધર્મ પરિવર્તન કરવા માટં મજબુર કરે છે. ઈશનિંદાના કેસમાં ફાંસી કે જન્મટીપની સજા મુકરર કરવામાં આવે છે. કટ્ટરવાદીઓ તરફથી જોરદાર પુરાવા મુકવામાં આવે છે જેથી કોઈપણ નિર્દોષ તેમાં સપડાઈ જાય.આજદિન સુધી પાકિસ્તાનમાં બનેલા ઈશનિદાના કેસો આ જ રીતે બનેલા છે.અને અનકો તેના ભોગ બનેલા છે.

## ભ્રષ્ટાચારના આરોપ બદલ ગૃહ મંત્રાલયના અધિકારી પર તપાસના આદેશ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય ગૃહ વિભાગના વરિષ્ઠ અધિકારીને ભ્રષ્ટાચારના આરોપ બદલ પદ પરથી દુર કરીને તપાસના આદેશ આપ્યા હતા.કે.નરસિંહ ૧૯૯૧ની  બેચના આઈએએસ અધિકારી છે.તેઓ પોલીસ આધુનિકકરણ,આઈપીએસ પોસ્ટીંગ અને કેન્દ્ર શાસિત પ્રદેશના વહીવટ સબંધી કામગીરી કરી રહ્યા હતા.જો કે તેમની સામે ક્યા પ્રકારના ભ્રષ્ટાચારના આક્ષેપો છે તે વિગતો બહાર આવી નથી.સરકારે તેમને પદ પરથી દુર કરીને બે મહિનાની રજા પર ઉતારી દીધા છે.તપાસમાં સહયોગ આપવા કહેવાયું છે.સરકારે અગાઉ એનજીઓને મળતી વિદેશી સહાય પર નજર રાખી રહેલા વિભાગમાં ફરજ બજાવી રહેલ એક અધિકારીને પણ સસ્પેન્ડ  કર્યા હતા. સત્તાવાર સાધનોએ જણાવ્યા મુજબ કામમાં નિષ્કાળજી દાખવવા બદલ તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ  જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

# આપણી આ સરકાર, મહિલા ઉત્કર્ષની કરે દરકાર

## મહિલા કલ્યાણ માટે જેન્ડર બજેટ : રૂ.૫૬,૪૯૧.૮૯ કરોડની ખાસ જોગવાઇ

બાળકો-માતાઓને પોષણક્ષમ આહાર : ૦ થી ૬ વર્ષની જુથના ૩૧.૪૧ લાખ બાળકો,૧૨.૫૦ લાખ કિશોરીઓ
અને ૭.૫૪ લાખ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણક્ષમ આહાર
સબલા યોજના અને કિશોરીશક્તિ યોજના : ૧૨.૫૦ લાખ કિશોરીઓને પોષણ અને તાલીમ
વિધવાઓને આર્થિક સહાય : ૧.૫૨,૦૦૦ વિધવાઓને નાણાકીય સહાય વધારીને રૂ.૧૦૦૦ કરી
૨૭૦ મહિલા અદાલતો સ્થાપશે : મહિલા સબંધિત પ્રશ્નોનું થશે નિરાકરણ
કન્યા કેળવણી નિધિમાંથી સેલ્ફ ફાયનાન્સ મેડિકલ કોલેજની વિદ્યાર્થીનીઓને ટ્યુશન ફી માં ૫૦ ટકા સહાય : બાકીની ૫૦ ટકા સહાય મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાંથી
સહાયક અનુદાન મેળવતી ૫૩૭૪ શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ ની ૭,૪૪,૧૫૨ વિદ્યાર્થીનીઓને મફત શિક્ષણ
મા અને મા-વાત્સલ્ય યોજના : જીવલેણ બિમારીઓ માટે સારવાર : રૂ. ૫૦૦ કરોડની જોગવાઇ : આવક મર્યાદા
રૂ. ૧.૨લાખથી વધારી રૂ. ૧.૫ લાખ
૯૩,૨૫૯ આંગણવાડી કાર્યકરો અને હેલ્પરોને રૂ.૫૦,૦૦૦નું મળશે જીવનવીમા સુરક્ષા કવચ
અને ઘણુ બધું ......

## મહિલા સશક્તિકરણ માટે સરકારની પ્રતિબધ્ધતા



શ્રી નરેન્દ્રભાઇ મોદી
પ્રધાનમંત્રી,ભારત સરકાર

## સંવેદનશીલ સરકાર પ્રગતિશીલ બજેટ



શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી,ગુજરાત રાજ્ય

# સૌનો સાથ.....સૌનો વિકાસ

# ગેરકાયદેસરના કતલખાના બંધ થતાં મટનના વેપારીઓને ઓનલાઇન વેપારની તકો વિકસી

યુપીમાં ગેરકાયદે કતલખાના બંધ થવાથી મટનનો પુરવઠો ઓછો થઇ ગયો છે.જેના કારણે માંસાહારી શોખીનો માટે સમસ્યા સર્જાઇ છે.ઓનલાઇન મટન વેચનાર કંપનીઓએ આ તકનો ફાયદો ઉઠાવવાના પ્રયાસો શરુ કરી દીધા છે.જો કે હાલમાં ઓનલાઇન વેચાણની તકરો ફક્ત દિલ્હી સુધી જ સીમીત છે.પરંતુ હવે યુપીના શહેરોમાં પણ હવે તે જલ્દી શરુ થશે.ગુંડગાવની જૈપફ્રેશ એક એવી ઓનલાઇન કંપની છે જે દિલ્હી અને ગુડગાંવમાં કાચા અને પ્રોસેસ્ડ માંસનું વેચાણ કરે છે. જૈપફ્રેશ પાસેથી મટન ખરીદતા લોકોનું માનવુ છે કે આ વિકલ્પ તેમના માટે બહુ સારો છે. જે લોકો સ્થાનિક બજારમાંથી મટન ખરીદવા માંગતા નથી. ઓનલાઇન મટન ખરીદનારા ગ્રાહકોની વધતી સંખ્યાને પગલે જૈપફ્રેશના બિઝનેશમાં ઘણો ઉછાળ આવ્યો છે.૨૦૧૫માં આ કંપનીને એક દિવસમાં ૧૦૦ ઓર્ડર મળતા હતા પણ આજે દિલ્હીમાં અને ગુડગાંવમાં તેને ૧૦૦૦થી વધારે ઓર્ડર મળે છે.ઉત્તર પ્રદેશમાં ગેરકાયદે કતલખાના બંધ થવાની સ્થિતિને જૈપફ્રેશ જેવી ઓનલાઇન કંપનીઓ બિઝનેશની વૃધ્ધિ માટે સોનેરી તકના રુપમાં જુએ છે. જૈપફ્રેશના દિપાંશુ મનચંદાએ કહ્યુ કે ઉત્તર પ્રદેશમાં પ્રતિબંધથી ઓનલાઇન બિઝનેસ કરનારા માટે મોટી તકો પેદા થઇ છે.અમે લોકો લાઇસન્સ લઇને મશીનનો ઉપયોગ કરીએ છીએ.કંપનીની શરુઆત જુલાઇ ૨૦૧૫માં થઇ હતી. ઓક્ટો.માં કંપનીએ એન્જ ફંડિંગ મારફતે ૧૦ લાખ ડોલર ભેગા કર્યા હતા. તેમણે જણાવ્યુ હતું કે આગામી ત્રણ મહિનામાં તેઓ નોઇડા અને ગાજીયાબાદમાં પોતાનો બિઝનેશ શરુ કરવાની તૈયારી કરી રહ્યા છે.બે વર્ષની અંદર જૈપફ્રેશ ૧૦૦લોકોની કંપની બની ગઇ છે.મનચંદાએ કહક્યુ કે અમારો ઉદ્દેશ ૧૦૦૦૦કરોડ રુપીયાના એનસીઆર મટન માર્કેટમાં સેવા આપવાનો છે.અમે બે કલાકની અંદર ગ્રાહકોના દરવાજા સુધી તાજુ અને સ્વચ્છ મટન પહોચાડીએ છીએ.

ઉદ્યોગપતિઓનું માનવુ છે કે કતલખાના બંધ થવાથી ઓનલાઇન મટન માર્કેટની તકો વધશે.હાલમાં આ વેપાર અસંગઠિત સ્વરુપે છે. નીટમીટના મિહિર તિવારીએ કહ્યુ ખે ગેરકાયદે કતલખાના પર કાર્યવાહીને કારણે હવે ગુણવત્તા,સ્વચ્છતા અને લાઇસન્સ પર ધ્યાન અપાશે.તેનાથી મટન માર્કેટને સંગઠિત કરી શકાશે એમ તેમણે જણાવ્યુ હતું.ગાઝીપુરમાંથી જથ્થાબંધ મટન ખરીદતી નીટમીટને મહિને ૧૦૦૦થી ૧૨૦૦ ઓર્ડર મળે છે. કંપનીની યોજના આ વર્ષે દિલ્હી એનસીઆરમાં સેવાઓ આપવાની છે.

# સમયસર કામ નહી કરનાર પોલીસ કર્મીઓને રુ. ૫૦૦૦ સુધીના દંડની જોગવાઇ કરવામાં આવી

પોલીસ કર્મીઓ સમયસર કામ પુરા નહી કરે તો તેમની સામે આકરાં પગલાં લેવાની અને દંડ કરવાની જોગવાઇ કરવામાં આવી છે.બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા સરકારને સુચન કરવામાં આવ્યા છે. આ સુચનોમાં જણાવાયું છે કે પોલીસકર્મી ૨૦ દિવસની અંદર પાસપોર્ટ વેરીફિકેશન નહીં કરી શકે તો તેને દંડ ભરવો પડશે, તેવી જ રીતે એફઆઇઆર દાખલ થાય તે જ દિવસે તેની કોપી નહીં આપનાર કે પછી જપ્ત વાહનોના દસ્તાવેજની કામગીરી પુરી થયાના ત્રણ દિવસની અંદર વાહન સીલીઝ નહી કરનાર પોલીસ કર્મીને પણ દંડ કરવામાં આવશે. આવા પોલીસ કર્મીઓને રોજના ૨૫૦ રુપીયા અથવા રુ.૫૦૦૦ રુપીયાનો દંડ કરવામાં આવશે.આ સુચન આપનાર બ્યુરોએ જણાવ્યુ કે આ દંડ અને સજાની જોગવાઇ લાવવાથી અધિકારીની જવાબદેહી વધશે અને તેમની આદતોમાં સુધારો આવવાથી તેમના કામમાં પારદર્શકતા આવશે.

ટોચની પોલીસ સંસ્થા દ્વારા ૪૫ સેવાઓને પબ્લીક ડીલીવરી સર્વીસીઝમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં પાસપોર્ટ, ભાડુવાત, તથા વિદેશીઓનું પોલીસ વેરીફીકેશન,મ્યુઝીક પ્રોગ્રામ માટે એનઓસી,પોસ્ટમાર્ટમ રીપોર્ટ, વિરોધપ્રદર્શન માટે એનઓસી તથા તપાસ અને નિયમિત પોલીસીંગ સહિતની સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

તેમાં જણાવાયું છે કે આ તમામ સેવાઓમાં માન્ય કારણ વગર જો પોલીસ અધિકારી સે। આપવામાં નિષ્ફળ જશે તો તેને રુ.૫૦૦૦નો દંડ કરવામાં આવશે.

દુનિયાની સૌથી મોટી સડક બ્રાઝીલની ધ મારુ મીટલ એક્સિસ પરથી એક સામટી એકસો સાઇઠ(૧૬૦)મોટરો દોડે છે.

માનવીનો કાન પચાસ વર્ષમાં અર્ધોઇંચ જેટલો વધે છે.

ઇંગ્લાંડમાં ત્રણ માંબાપો છ બાળકોની જોડીઓ ધરાવે છે.હાલમાં દુનિયામાં છ બાળકોના જોડકાંઓ હયાત છબેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઇતિહાસમાં ધી કેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઇ જવાતો હતો.

ગ્રેટ પાર માઉથની મેરી મેશટન નામની છોકરીએ ૧૫૭ કલાક પિયાનો વગાડેલ છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.

# કેરળ અને પુર્વોત્તરમાં ગૌહત્યા, ગાયનું માંસ ખાવા પર પ્રતિબંધ નથી

# કેરળના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારે સારુ માંસ આપવાની મતદારોને ખાત્રી આપી

યુપીના કતલખાનાઓ પર પાબંધી અને ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા ગૌહત્યા પર કડક સજાની જોગવાઇ સાથે પસાર થયેલ સંશોધન વિધેયક છતાં કેરળની પેટા ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીના એક ઉમેદવારે આ બધાથી અલગ ચીલો પાડ્યો છે.કેરળમાં મલપ્પુરમમાં આગામી લોકસભાની ચુંટણી માટે ભાજપના ઉમેદવાર એન.શ્રીપ્રકાશે મતદારોને વચન આપ્યુ છે કે જો તેઓ ચુંટાશે તો તેમના મતવિસ્તારમાં સારુ માંસ આપશે.

જો હું ચુંટાઇશ તો સ્વચ્છ કતલખાનામાંથી સારી ગુણવત્તાનું માંસ લોકોને મળી રહે તે માટે હુ મારા પ્રયત્નો કરીશ એમ શ્રી પ્રકાશે જણાવ્યુ હતું.તેમણે ભુતકાળમાં કોગ્રેસના શાસનકાળ દરમિયાન ગૌહત્યા પર પ્રતિબંધ મુકવાનો આરોપ કોગ્રેસ પર લગાવ્યો હતો. જે રાજ્યોમાં ગાયની કતલ કરવા પર પ્રતિબંધ છે એવા રાજ્યોમાં માંસ ખાવું ગેરકાયદે છે એમ તેમણે જણાવ્યુ હતું. કેરળ એવા કેટલાક રાજ્યોમાંનું એક છે જ્યાં ગાયની કતલ કરવા પર કે ગાયનુ માંસ ખાવા પર પ્રતિબંધ નથી છત્તીસગઢના મુખ્યમંત્રી અને ભાજપના નેતા રમણસિંહે કહ્યુ હતું કે જો ગાયની હત્યા કરાશે તેને ફાંસીના માંચડે લટકાવી દેવાશે.આ નિવેદનના એક દિવસ પછી શ્રી પ્રકાશનું આ નિવેદન આવ્યું છે. છત્તીસગઢમાં ૨૦૦૪થી પ્રતિબંધ છે.

એકબાજુ ઉત્તર અને પશ્ચિમના ભાજપ શાસિત રાજ્યોમાં ગૌહત્યા પર કડક કાયદો પસાર કરવામાં આવે છે. જ્યારે બીજી તરફ કેરળ અને પુર્વોત્તર રાજ્યોમાં જ્યાં ગાયનું માંસ ખાવું ગેરકાયદે નથી ત્યાં આવી પાખંડી નીતિની ટીકા કરવામાં આવે છે.ભાજપનો પાખંડ છે કે ઉત્તર પ્રદેશમાં ગાય મમ્મી છે અને પુર્વોત્તરમાં પમ્મી છે ( સ્વાદિષ્ટ)એમ એઆઇએમઆઇએમના નેતા અસુદુદ્દીન ઔવેસીએ જણાવ્યુ હતું.યુપીમાં ભાજપને મળેલી સફળતા પછી યોગી સરકારે ગેરકાયદે ચાલતાં કતલખાના બંધ કરવા ઝુંબેશ ચલાવી છે.ભાજપ શાસિત અન્ય પાંચ રાજ્યોએ પણ આ પગલાંને પોતાના રાજયમાં લાગુ કરી છે પણ જે રાજ્યોમાં ગૌહત્યા પર પ્રતિબંધ નથી ત્યાં ભાજપના નેતાઓ આ મુદ્દાને નજરઅંદાઝ કરે છે. કેરળ સહિત પુર્વોત્તરના કેટલાક રાજ્યોમાં ગૌહત્યા અને ગાયનું માંસ ખાવા પર પ્રતિબંધ નથી.

કુલ વસતીના ૪૦ થી ૪૫ ટકા વર્ગ માંસાહારી હોય અને તેની જરુરીયાતો પર કાયદાઓ દ્વારા અંકુશ મુકી દેવાય તેના કરતાં સરકારે ગેરકાયદેસરના જ કતલખાના બંધ કરવા હોય તો સ્વચ્છ અને સારુ માંસ મળી રહે તેવા અદ્યતન કતલખાનાઓમાં વ્યાજબી ભાવે માંસ મળી રહે તેવી જોગવાઇઓ ઉભી કરવી જોઇએ. મોટા કતલખાનાઓમાં મળનાર માંસ ગરીબો માટે મોંધું પુરવાર થાય છે તેથી નાના નાના ગેરકાયદેસરના કતલખાનાઓમાં કતલ કરીને લોકોની જરુરીયાતનો પુરવઠો સસ્તાદરે મળી રહે છે તેથી ગેરકાયદેસર કતલખાનાઓ ચાલે છે અને તેના લીધે અનેક અકુશળ લોકો રોજગારી મેળવે છે.આવા ગેરકાયદેસર નાના કતલખાનાઓ બંધ થવાને કારણે લાખો બેરોજગારો વધવાની આશંકાને કારણે સરકારે તેમના માટે સારા કતલખાનામાં તેમને રોજગારીની તકો પુરી પાડવી જોઇએ.જો એમ કરવામાં આવે તો દેશનો માસાહાર કરતો બહોળા વર્ગને શુધ્ધ,સાત્વિક અને આરોગ્યપ્રદ માંસ મળી રહેશે.તેમજ વધુ પશુધન કતલખાને જતું અટકશે.દુધાળા ઢોરોને યોગ્ય માવજત મળી રહેશે તો દુધનો પુરવઠો પણ દેશની દુધની જરુરીયાત પુરી કરશે.આ સાથે દેશમાં રખડતી ગાયોના માલિકોને પણ કડક કાયદા હેઠળ લાવવા જરુરી છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.